# ૫, ઓગષ્ટ–૨૦૧૫ (બુધવાર)

## (૧) ભારતના બે કુસ્તીબાજ વર્લ્ડ કુસ્તી માટે ક્વોલિફાય :–

- તાજેતરમાં ભારતીય કુસ્તીબાજ બજરંગ અને બબિતા કુમારીએ વર્લ્ડ કુસ્તી માટે ક્વોલિફાય કરી લીધું છે
- આગામી ૧૨ ઓગષ્ટથી અમેરિકાના લાસવેગાસમાં વર્લ્ડ કુસ્તીનું આયોજન થશે.
- બજરંગ ગ્લાસગોમાં યોજાયેલ કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર અને બબિતાકુમાર ગોલ્ડ મેડલ વિજેતા છે.

## (૨) રાજ્યકક્ષાના સ્વતંત્ર દિવસની ઉજવણી :–

- આ વખતે ૧૫ મી ઓગષ્ટ–૨૦૧૫ના રોજ રાજ્યકક્ષાનો સમારોહ મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે યોજાશે.

## (૩) પ્રથમ વખત ઇસરો અમેરિકાનો ઉપગ્રહ લોન્ચ કરશે :–

- તાજેરતમાં અમેરિકી અવકાશ સંસ્થા નાસાએ સેટેલાઇટ લોન્ચિંગ માટે ઇસરો સાથે કરાર કર્યા છે.
- આ લોન્ચિંગ ક્યારે થશે અને ઉપગ્રહ કેવો હશે તેની વિગતો હાલ જાહેર કરી નથી.
- ૧૯૯૪થી માંડીને અત્યાર સુધીમાં પોલાર સીસ્ટમ લોન્ચ વ્હિકલ (પીએસએલવી)એ ૭૭ વખત ઉડાન ભરીને કુલ ૩૦ ટન વજન થાય એવા ૭૭ ઉપગ્રહો લોન્ચ કર્યા છે. જેમાં ૪૫ ઉપગ્રહો પરદેશી હતા.

## (૪) સ્વિમીંગ વર્લ્ડ ચેમ્પિયનશીપ :–

- આયોજન રશિયાના કઝાન શહેરમાં થયું છે.
- અમેરિકન ગર્લ કેટી લેડેસ્કીએ ૧૫૦૦ મીટર ફ્રીસ્ટાઇલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો.
- પુરૂષોની ૨૦૦ મીટર ફ્રિસ્ટાઇલ ઇવેન્ટમાં બ્રિટનના જેમ્સ ગાયે ગોલ્ડ મેડલ મેળવ્યો.
- પુરૂષોની ૪૦૦ મીટર ફ્રિસ્ટાઇલમાં ચીનના સુન યાંગે ગોલ્ડ જીત્યો
- મહિલાઓની ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ઇવેન્ટમાં ઓસ્ટ્રેલિયાની એમિલી સિબોમે ગોલ્ડ જીત્યો.
- પુરૂષોની ૧૦૦ મીટર બેકસ્ટ્રોક ઇવેન્ટમાં ઓસ્ટ્રેલિયાની મિચ લાકીએ ગોલ્ડ મેડલ મેળવ્યો.
- મહિલાઓની ૨૦૦ મીટર ઇન્ડિવિડ્યુઅલમાં હંગેરીની કેટીન્કા હોઝુએ ગોલ્ડ જીત્યો.
- પુરૂષોની ૫૦ મીટર બટરફ્લાય ઇવેન્ટમાં ફ્રાંસના ફ્લોરેન્ટ માનાડોઉએ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- મહિલાઓની ૧૦૦ મીટર બટરફ્લાય ઇવેન્ટમાં સ્વિડનની સારાહ જોસ્ટ્રોમે ગોલ્ડ જીત્યો હતો.
- મહિલાઓની ૨૦૦ મીટર ફ્રિસ્ટાઇલ ઇવેન્ટમાં અમેરિકાની કેટી લેડેસ્કીને ગોલ્ડ
- પુરૂષોની ૨૦૦ મીટર બટરફ્લાયમાં હંગેરીના બાઝલો સેહ ચેમ્પિયન
- પુરૂષોની ૮૦૦ મીટર ફ્રિસ્પઇલમાં ચીનના સુન યાંગને ગોલ્ડ મેડલ
- પુરૂષોની ૫૦ મીટર બેકસ્ટ્રોકમાં બ્રિટનન એડમ પેટીને ગોલ્ડ મેડલ

## (૫) રાજ્યમાં ઘરથી દૂર સ્કુલે જતી છાત્રાઓને સ્વ–રક્ષણની તાલીમ :–

- રાજ્યમાં આવેલી ઉચ્ચ પ્રાથમિક સ્કૂલોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓ કે જેઓ ઘરથી દૂર સ્કૂલે જાય છે તેમને તાલીમ આપવાનો શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે.
- શિક્ષણ વિભાગ દ્વારા દરેક જીલ્લામાં ૨૦૧૫–૧૬માં ગર્લ્સ એજ્યુકેશન હેઠળ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ મળી રહે તે માટે બજેટ મંજુર કરવામાં આવ્યું છે.
- આ માટે વિદ્યાર્થીની દિઠ રૂા. ૨૦૦ ની ગ્રાન્ટ સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.
- જો કોઈ જિલ્લામાં વિદ્યાર્થીની દીઠ રૂા. ૨૦૦ કરતાં ઓછો ખર્ચ આવતો હોય તો વિદ્યાર્થીનીઓની સંખ્યા વધારી ગ્રાન્ટનો પુરૂ ઉપયોગ કરવા સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે.
- મોટાભાગે સ્કૂલોએ શારીરિક શિક્ષણના ક્લાસ દરમિયાન તાલીમ આપવાની રહેશે.
- વિદ્યાર્થીનીઓને સ્વ–રક્ષણમાં કરાટે, બેઝિક સ્વ–રક્ષણ તાલીમ જુડો–લાઠી–લેઝીમની તાલીમ આપવાની રહેશે.
- જો સ્કૂલ સમય સિવાયના સમયમાં તાલીમનું આયોજન કરવાની જરૂર જણાય તો વાલીઓની મિટીંગ બોલાવી સંમતી મેળવ્યા બાદ આયોજન કરવાનું રહેશે.
- આ તાલીમ માટે કઇ સ્કૂલમાં વિદ્યાર્થીઓને સ્વ–રક્ષણની તાલીમની જરૂર છે તેની પસંદગી બીઆરસી–સીઆરસી કો–ઓર્ડિનેટરે કરવાની રહેશે.
- આ કાર્યક્રમ અંતર્ગત સ્કૂલોએ ઓછામાં ઓછા ત્રણ માસ સુધી વિદ્યાર્થીનીઓને તાલીમ મળી રહે તેવું આયોજન કરવાનું રહેશે.
- તાલીમ બરાબર મળી રહી છે કે કેમ તેનો પ્રગતિ અહેવાલ જાન્યુઆરી ૨૦૧૬માં સ્કૂલો પાસેથી મંગાવવામાં આવશે.